પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૪૧ ૧૧ નવેમ્બર, ૨૦૧૭, શનિવાર ; કારતક વદ - ૮ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જીએસટીમાં રાહત વર્ષા : ઈલેક્શન ઈફેક્ટ

**૧૭૭ વસ્તુઓ પર ટેક્સ ૨૮ ટકાથી ઘટાડી ૧૮ ટકા કરાયો : ચોકલેટથી લઇને ડિટર્જેન્ટ સુધી સામાન્ય ઉપયોગમાં આવનાર વસ્તુઓ પર ટેક્સ ઘટાડીને ૧૮ ટકા કરાયો : ૨૮ ટકાના સ્લેબમાં હવે માત્ર ૫૦ વસ્તુઓ : જીએસટી કાઉન્સિલની બેઠકમાં લોકોને મોટી રાહત આપવા નિર્ણય**

ગુવાહાટી,તા. ૧૦

અનેક પ્રકારની અપેક્ષાઓ અને આશાઓ વચ્ચે યોજાયેલી જીએસટી કાઉન્સિલની બેઠકમાં ધારણા પ્રમાણે જ ૧૭૭ વસ્તુઓ ઉપર ટેક્સ ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરી દેવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ નિર્ણયથી જીવન જરૂરી ચીજવસ્તુઓની કિંમતોમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. ૨૮ ટકા ટેક્સની હદમાં આવનાર ૧૭૭ ચીજવસ્તુઓ ઉપર ટેક્સ ઘટાડીને ૧૮ ટકા કરી દેવામાં આવ્યો છે. આજે જીએસટી કાઉન્સિલની બેઠક બાદ જીએસટી પરિષદના અતિ મહત્વના સભ્ય અને બિહારના નાયબ મુખ્યમંત્રી સુશીલકુમાર મોદીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, તમામ બાબતોને ધ્યાનમાં લઈને આ નિર્ણયો લેવામાં આવ્યા છે. સરકારના આ નિર્ણય બાદ હવે માત્ર ૫૦ વસ્તુઓ જ ૨૮ ટકાના ટેક્સ સ્લેબમાં રહી ગઈ છે. તેમણે કહ્યું હતું કે, જીએસટી પરિષદે ૨૮ ટકાના કર કરવેરામાં મોટાભાગની લકઝરી, બિનજરૂરી અને અહિતકર વસ્તુઓને જ રાખી છે.

● અનુસંધાન પાન-૫ પર



## કઈ ચીજ સસ્તી અને કઈ હજુ મોંઘી રહેશે

**કઈ ચીજ સસ્તી (હવે ૧૮ ટકાના સ્લેબમાં)**

- સેનેટરી, શૂટકેશ, વોલપેપર્સ, પ્લાયવુડ, સ્ટેશનરી, આર્ટિકલ્સ, ઘડિયાળો, પ્લેઇંગ ઇન્સ્ટ્રુમેન્ટ, આફ્ટર શેવ, ડિયો, વોશિંગ પાઉડર, ગ્રેનાઇટ, મારબલ, સાબુ, શેમ્પૂ, સ્કીનકેર, કેમેરાઓ, શોપિંગ બેગ, ચિંગમ, ચોકલેટ

**કઈ ચીજ મોંઘી (૨૮ ટકાના જ સ્લેબમાં)**

- સિમેન્ટ, વોશિંગ મશીન, ફ્રિઝ, તમાકૂ જેવી ચીજવસ્તુઓ, રંગરોગાણ, એરકન્ડીશનર, લકઝરી ચીજો

## ન્યુઝ ટ્રેક

### પદ્માવતી પર સ્ટે નો સુપ્રિમનો ઈન્કાર



વિવાદાસ્પદ બનેલ પદ્માવતી ફિલ્મને રીલીઝ થતી અટકાવવા કરાયેલ જાહેરહિતની અરજી સુપ્રિમ કોર્ટે ફગાવી હતી અને જણાવ્યુ હતુ કે ફિલ્મ સામેના વાંધા સેન્સર બોર્ડ સામે રજુ કરવા જોઈએ.

### એનઆરઆઈ અલ્પેશ પટેલ પર કેન્યામાં હૂમલો

લૂંટના ઈરાદે આવેલા ચાર લુંટારૂઓએ કેન્યા ખાતે અલ્પેશ પટેલ પર અંધાધૂંધ ગોળીબાર કરી હત્યા કરી હતી.

### મોદી સરકારનું આગામી બજેટ ૧લી ફેબ્રુઆરીએ

આગામી કેન્દ્રિય બજેટ ૧લી ફેબ્રુઆરીએ જ રજુ કરવાનો કેન્દ્રિય કેબિનેટે નિર્ણય કર્યો છે. લોકસભાની ચૂંટણી પૂર્વેના આ બજેટમાં ઘણી બધી પ્રજાલક્ષી જાહેરાતો હશે એમ મનાય છે.

### ઉત્તર કોરિયાએ ઓનલાઈન દુનિયામાં પ્રવેશ કર્યો

ઈન્ટરનેટથી અંતર રાખનાર ઉત્તર કોરીયાએ આખરે ઓનલાઈન વિશ્વમાં પ્રવેશ કર્યો છે. હવે ઉત્તર કોરિયામાં પણ ઈ-શોપીંગ અને ઈ-બેંકિંગની સુવિધાઓ ઉપલબ્ધ થશે.

# તામીલનાડુમાં શશિકલા પરિવારના સભ્યોની સંપત્તિ પર દરોડાનો દોર જારી

**ગુરુવારના દિવસે સેંકડો સંપત્તિઓમાં તપાસ બાદ બીજા દિવસે પણ કાર્યવાહી : દસ્તાવેજો અને પેપરો જપ્ત કરાયા**

ચેન્નાઈ,તા. ૧૦

આવકવેરા વિભાગના અધિકારીઓએ આજે સતત બીજા દિવસે જેલમાં રહેલા અન્નાદ્રમુકના નેતા વીકે શશિકલાના પરિવારના સભ્યો અને જયા ટીવીની ઓફિસ ઉપર દરોડાની કાર્યવાહી જારી રાખી હતી. શશિકલાના પરિવારના સભ્યો, તેમના સમર્થકો સાથે જોડાયેલી સંપત્તિઓ અને જયા ટીવીની ઓફિસ પર તપાસ જારી રહી હતી. દસ્તાવેજો અને પેપરો આ પ્રાંગણોથી જપ્ત કરવામાં આવી ચુક્યા છે. ગુરુવારના દિવસે એટલે કે આજે વધુ તપાસ ચાલી હતી. ગઈકાલે ૧૮૭ સ્થળો ઉપર તપાસ કરાઈ હતી જેમાં તમિળનાડુ, કર્ણાટક અને પુડુચેરીનો સમાવેશ થાય છે. થિરુવરુર, થાંજોરમાં ૪૭ સ્થળો ઉપર તપાસ શરૂ કરી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તમિળનાડુમાં ઈન્કમ ટેક્સ વિભાગની કેટલીક ટીમોએ ગઈકાલે ગુરુવારના દિવસે એક સાથે દરોડાની કાર્યવાહી હાથ ધરતા ખળભળાટ મચી ગયો હતો. અન્નાદ્રમુકના નેતા શશીકલાના નિયંત્રણવાળા જયા ટીવીની ઓફિસ

● અનુસંધાન પાન-૫ પર

# નાણામંત્રી પદેથી જેટલીને હટાવવા યશવંત સિંહાની માંગ

**જીએસટીની હાલત જેટલીએ ખરાબ કરી છે : પ્રાઇવેટ સેક્ટરમાં અનામત માટે બિલને વિધાનસભામાં પસાર કરવા નીતિશ કુમારને પણ યશવંતસિંહાનો પડકાર**

પટણા, તા. ૧૦

ભાજપના વરિષ્ઠ નેતા યશવંતસિંહાએ આજે ફરી એકવાર નાણા મંત્રી અરુણ જેટલી ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, જેટલીએ ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ને અમલી કરતી વેળા દિમાગનો ઉપયોગ કર્યો ન હતો જેથી વડાપ્રધાને જેટલીને તેમના હોદ્દાથી દૂર કરવા જોઈએ. વાજપેયી સરકારમાં નાણામંત્રી રહી ચુકેલા યશવંતસિંહાએ જેટલીના રાજીનામાની માંગ કરી હતી. થોડાક દિવસ પહેલા અર્થવ્યવસ્થાની સ્થિતિ ખરાબ હોવાની વાત કરીને મોદી-જેટલીની નીતિઓની યશવંતસિંહાએ ટિકા કરી હતી. યશવંતસિંહાએ શાસક પક્ષ જેડીયુના અસંતુષ્ટ નેતા ઉદય નારાયણ ચૌધરી દ્વારા આયોજિત કાર્યક્રમમાં વાત કરતા કહ્યું હતું કે, જેટલીએ તમામ બાબતો



તરફ ધ્યાન આપ્યું ન હતું. બીજી બાજુ જેટલીએ હાલમાં જ કહ્યું હતું કે, ૮૦ વર્ષની વયમાં નોકરીની

● અનુસંધાન પાન-૫ પર

# પીએફ પર વ્યાજદર ઘટાડવા તૈયારી

**ઇક્વિટી ઇન્વેસ્ટમેન્ટથી લોકોને રાહત આપવા માટેની તૈયારી : ઇક્વિટીમાં મૂડીરોકાણના બદલામાં પ્રથમ વખત ધારકને યુનિટ મળી શકે છે ૨૩મી નવેમ્બરના દિવસે સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીની અતિમહત્વપૂર્ણ બેઠક**

નવી દિલ્હી,તા. ૧૦

પ્રોવિડંડ ફંડ (પીએફ) રેટમાં ઘટાડો કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. પીએફના ધારકોને આ વર્ષે પોતાના રિટાયર્ટમેન્ટ રકમ પર ઓછું વ્યાજ મળી શકે છે. જો કે, તેમની રકમને ઈક્વિટીમાં રોકવાના બદલે પ્રથમ વખત તેમને યુનિટ આપવામાં આવી શકે છે. આને મળીને એકંદરે રિટર્ન ગયા વર્ષની બરોબર અથવા તો તેનાથી વધારે થઇ શકે છે. ઈપીએફઓના સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીની મહત્વની બેઠક ૨૩મી નવેમ્બરના દિવસે યોજાનાર છે. આ બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવશે. આ બેઠકમાં બોર્ડ આ વર્ષ માટે ૮.૫ ટકા વ્યાજદર દર રાખવા ઉપર વિચારણા કરી શકે છે. નાણાંકીય વર્ષ ૨૦૧૭ માટે ૮.૬૫ ટકા વ્યાજદર રાખવામાં આવ્યો હતો.

એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, આની સાથે સાથે બોર્ડ મૂડીરોકાણના ઈક્વિટીવાળા સાધનો માટે ઈપીએફઓ યુનિટાઈઝેશન પોલિસીને મંજુરી આપી શકે છે. ઈપીએફઓના રોકાણનો મોટો હિસ્સો સરકારી સિક્યુરિટીમાં જાય છે પરંતુ આનાથી યીલ્ડમાં ઘટાડો થયો છે. સાથે સાથે વ્યાજદરોમાં સામાન્યરીતે ઘટાડો થયો છે. આ બે કારણથી ઈપીએફઓ ને વ્યાજદર ઘટાડવાનો નિર્ણય કરવો પડી શકે છે. અધિકારીઓનું કહેવું છે કે, બોન્ડ અને એફડી જેવા ડેટ માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટ પર રિટર્ન ઘટાડવાના કારણ ઈપીએફઓ ઘટતા જતા વ્યાજદરોના માહોલમાં કામ કરી રહ્યું છે.

# પ્રદ્યુમ્ન હત્યા કેસમાં ક્લીનરને ક્લીનચીટ

ગુરુગ્રામ, તા. ૧૦

ગુરુગ્રામના રાયન ઈન્ટરનેશનલ સ્કૂલના બીજા ધોરણના વિદ્યાર્થી પ્રદ્યુમ્ન ઠાકુરની હત્યાના મામલામાં સીબીઆઈ દ્વારા મોટો ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે. સીબીઆઈએ મોટો ઘટસ્ફોટ કરીને બસ ક્લીનર અશોકને ક્લીનચીટ આપી દીધી છે. આ મામલામાં ગુરુગ્રામ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવેલા ક્લીનરને સીબીઆઈએ ક્લીનચીટ આપી દીધી છે. સીબીઆઈએ આ મામલામાં સ્કૂલના ૧૧માં ધોરણમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીની મંગળનારના દિવસે ધરપકડ કરી હતી. ત્યારબાદથી ક્લીનરની ધરપકડને લઈને પ્રશ્નો ઉઠી રહ્યા હતા. અશોકના વકીલ મોહિત વર્માએ આજે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, અશોકે હત્યા કરી નથી અને એજન્સીએ તેમને ક્લીનચીટ આપી દીધી છે. અશોકના વકીલ મોહિત વર્માએ કહ્યું છે કે, અશોકના જામીન ઉપર ૧૬મી નવેમ્બરના દિવસે સુનાવણી થશે. આ કેસમાં ગુરુગ્રામના ૧૨ એસોસિએશનના તમામ વકીલોએ આરોપી તરફથી કેસ લડવાનો ઈન્કાર કરી દીધો હતો. ત્યારબાદ રોહતકના વકીલ મોહિત વર્મા આરોપી અશોકનો કેસ લડવા માટે તૈયાર થયો હતો. પ્રદ્યુમ્ન હત્યા કેસમાં જે રીતે તપાસ આગળ વધી રહી છે તે રીતે નવી ચીજો સપાટી ઉપર આવી રહી

● અનુસંધાન પાન-૫ પર














